# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

- ✓ હિંસક વિરોધ પ્રદર્શનને પગલે બાંગ્લાદેશથી એક હજાર વિદ્યાર્થીઓ સ્વદેશ પરત ફર્યા..
- ✓ માઇક્રોસોફ્ટ આઉટેજને કારણે ઠપ્પ થઇ ગયેલી દેશના એરપોર્ટ પરની કામગીરી ફરી પૂર્વવત થઇ રહી હોવાની નાગરિક ઉડ્ડયન મંત્રાલયની જાહેરાત..
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ન્યુઝિલેન્ડના વડાપ્રધાન વચ્ચે ટેલિફોનિક વાતચિત.. દ્વિપક્ષિય સંબંધોને નવા શિખરે લઇ જવા બંને દેશો કટિબધ્ધ..
- ✓ સંસદના બંને ગૃહોની કામગીરી સુચારુ રૂપે થાય તે બજેટ સત્ર અગાઉ આવતીકાલે સર્વપક્ષિય બેઠક યોજાશે..
- ✓ ગેરકાયદે ખનન અને મની લોન્ડરિંગ કેસમાં હરિયાણાના સોનિપતના કોંગ્રેસના ધારાસભ્યની ઇડીએ ધરપકડ કરી...

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## BANGLADESH - INDIAN RETURN

બાંગ્લાદેશમાં થઇ રહેલા હિંસક વિરોધ પ્રદર્શનના પગલે લગભગ એક હજાર ભારતીય વિદ્યાર્થીઓ બાંગ્લાદેશથી ભારત પરત ફર્યા છે.. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, 778 ભારતીય વિદ્યાર્થીઓ વિવિધ લેન્ડપોર્ટ દ્વારા ભારત પરત ફર્યા છે. આ ઉપરાંત, લગભગ 200 વિદ્યાર્થીઓ ઢાકા અને ચિત્તગોંગ એરપોર્ટ દ્વારા નિયમિત ફ્લાઇટ સેવાઓ દ્વારા ઘરે પરત ફર્યા છે.

મંત્રાલયે કહ્યું કે, ઢાકામાં ભારતીય હાઈકમિશન અને ચિત્તગોંગ, રાજશાહી, સિલ્હેટ અને ખુલનામાં સહાયક હાઈકમિશન ભારતીય નાગરિકોને પરત લાવવામાં મદદ કરી રહ્યાં છે. ભારત બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સરહદના ક્રોસિંગ પોઈન્ટ્સ પર સલામત મુસાફરીની સુવિધા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

ઢાકામાં ભારતના હાઈ કમિશન અને મદદનીશ હાઈકમિશન બાંગ્લાદેશની વિવિધ યુનિવર્સિટીઓમાં બાકી રહેલા ચાર હજારથી વધુ વિદ્યાર્થીઓના નિયમિત સંપર્કમાં છે અને જરૂરી સહાય પૂરી પાડી રહ્યા છે. નેપાળ અને ભૂટાનના વિદ્યાર્થીઓની વિનંતી પર ભારતમાં પ્રવેશવામાં મદદ કરવામાં આવી છે.

## FLIGTH REGULARISE

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું છે કે, તમામ એરપોર્ટ પર એરલાઇન સિસ્ટમે સામાન્ય રીતે કામ કરવાનું શરૂ કરી દીધું છે.

માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે ગઈકાલે ફ્લાઈટ ઓપરેશનને અસર થઈ હતી.

એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે, વિક્ષેપોને કારણે બેકલોગ છે અને તે ધીમે ધીમે પૂર્વવત થઈ રહ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, સરકાર એરપોર્ટ પરની કામગીરી પર સતત દેખરેખ રાખી રહી છે.. એરલાઈન્સ સાથે પણ સતત સંપર્કમાં છે જેને કારણે મુસાફરોનુ કોઇ સમસ્યા ન સર્જાય અને તેમને રિફન્ડ સમયસર મળી રહે.

## PM NEWZEALAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે ફોન પર વાત કરી. ન્યુઝિલેન્ડના પ્રધાનમંત્રી લક્સને ભારતમાં સામાન્ય ચૂંટણીઓ બાદ ફરીથી ચૂંટવા બદલ પ્રધાનમંત્રી મોદીને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

બંને નેતાઓએ આગામી વર્ષોમાં દ્વિપક્ષીય સહયોગને નવી ઊંચાઈએ લઈ જવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. વેપાર અને આર્થિક સહયોગ, પશુપાલન, ફાર્માસ્યુટિકલ્સ, શિક્ષણ, અંતરિક્ષ સહિતના વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર લાભદાયી દ્વિપક્ષીય સહકારને આગળ વધારવા બંને દેશો સંમત થયા હતા.

પ્રધાનમંત્રી મોદીએ ન્યૂઝીલેન્ડમાં ભારતીય પ્રવાસીઓના હિતોની સંભાળ રાખવા બદલ પ્રધાનમંત્રી લક્સનનો આભાર માન્યો હતો.

પીએમ લક્સને પ્રવાસી ભારતીયોની સુરક્ષા અને સુખાકારી માટે સતત પ્રયત્નો કરવાની ખાતરી આપી હતી.

## PM - KAMALA PUJARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પદ્મશ્રી એવોર્ડ વિજેતા કમલા પૂજારીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે, તેમણે કૃષિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે, ખાસ કરીને ઓર્ગેનિક કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી બિયારણોનું રક્ષણ કરવામાં તેમનુ વિશેષ પ્રદાન રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, જૈવ વિવિધતાના રક્ષણ માટે કમલા પૂજારીનું કાર્ય વર્ષો સુધી યાદ રાખવામાં આવશે. તેમણે કહ્યું કે, તેઓ આદિવાસી સમુદાયોના સશક્તિકરણ માટે પણ એક દીવાદાંડી સમાન હતા.

## ALL PARTY MEET

સરકારે સંસદના બજેટ સત્ર પૂર્વે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકાર માંગશે.

બજેટ સત્ર સોમવારે શરૂ થશે અને 12 ઓગસ્ટ સુધી ચાલશે. 23મી જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પહેલું બજેટ હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ

ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ બજેટ સરકારની દૂરોગામી નીતિઓ અને ભવિષ્યનાં અભિગમનો અસરકારક દસ્તાવેજ હશે.

## EVE HARYANA-ED

હરિયાણામાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, EDએ આજે યમુનાનગરમાં ગેરકાયદેસર ખાણકામ અને મની લોન્ડરિંગ કેસમાં સોનીપતના કોંગ્રેસના ધારાસભ્ય સુરેન્દ્ર પવારની ધરપકડ કરી હતી. ધકપકડ બાદ આરોપીને  અંબાલા જિલ્લા અને સેશન્સ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેના નવ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા..

ચોથી જાન્યુઆરીએ EDની ટીમે સોનીપતમાં સુરેન્દ્ર પવાર અને તેના સહયોગીઓના ઘર પર દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ઈડીએ તેના ઘર અને ઓફિસમાંથી ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો જપ્ત કર્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે યમુનાનગર, સોનીપત અને કરનાલમાં ગેરકાયદેસર ખનન કેસમાં દરોડા પાડ્યા હતા.

## EVE. AMIT SHAH-JHARKHAND

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આરોપ લગાવ્યો છે કે, ઝારખંડમાં હેમંત સોરેનની આગેવાનીવાળી સરકાર દેશની સૌથી ભ્રષ્ટ સરકાર છે. રાંચીના પ્રભાત તારા મેદાન ખાતે ઝારખંડ ભાજપની કારોબારી સમિતિની બેઠકને  સંબોધતા શ્રી શાહે કહ્યું કે, એક સાંસદના ઘરેથી ત્રણસો કરોડ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે ઝારખંડના મંત્રીના PAના કબજામાંથી 30 કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું કે, બાંગ્લાદેશથી ઘૂસણખોરીના કારણે રાજ્યની સ્થિતિ બદલાઈ રહી છે. શ્રી શાહે સોરેન સરકાર પર ઘૂસણખોરી પર કોઈ ધ્યાન ન આપવા અને તેને વોટ બેંક તરીકે ગણવાનો આરોપ લગાવ્યો હતો..

ભાજપના કાર્યકરોને સંબોધિત કર્યા પછી, શ્રી શાહે રાંચીમાં પાર્ટી કાર્યાલયમાં સ્ટેટ કોર ગ્રૂપની બેઠક યોજી હતી. આ બેઠકમાં પાર્ટીના સાંસદો અને ધારાસભ્યો ઉપરાંત કેન્દ્રીય કૃષિમંત્રી અને ઝારખંડના ચૂંટણી પ્રભારી શિવરાજસિંહ ચૌહાણ અને ચૂંટણી સહપ્રભારી હેમંત બિસ્વા શર્માએ આ બેઠકમાં ભાગ લીધો હતો..

## REV. MUMBAI BUILDING COLLAPSE

દક્ષિણ મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં એક ઈમારત ધરાશાયી થવાથી એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય 13ને ઈજા થઈ હતી. ગ્રાન્ટ રોડના સ્લીટર રોડ પર મ્હાડા બિલ્ડીંગનો કેટલોક ભાગ તૂટી પડ્યો હતો. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, BMCએ જણાવ્યું હતું કે, બિલ્ડીંગ રૂબીના મંઝિલના બીજા અને ત્રીજા માળની બાલ્કની અને સ્લેબનો ભાગ આંશિક રીતે તૂટી પડ્યો હતો ચાર માળની ઇમારતના ઉપરના માળે 7 લોકો ફસાયા હતા જેમને બચાવી લેવામાં આવ્યા હતા.

## NEET-RESULT

નીટ- યુજી પ્રશ્નપત્ર ગેરરિતી કેસમાં સર્વોચ્ચ અદાલતના આદેશને પગલે રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા-એનટીએએ સેન્ટર અને શહેર પ્રમાણે પરિણામને ઓનલાઇન પરિણામ જાહેર કરી દીધું છે. પરિણામ

અપલોડ કરવા માટે અદાલતે આજે 12 વાગ્યા સુધીની સમયમર્યાદા આપી હતી. આ વિવાદમાં સર્વોચ્ચ અદાલતમાં વધુ સુનાવણી 22 જુલાઇએ હાથ ધરાશે.

દરમિયાન રાજેન્દ્ર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ- RIMS રાંચીએ નીટ-યુજી પ્રવેશ પરિક્ષા ગેરરિતી કેસમાં એમબીબીએસની બીજા વર્ષની વિદ્યાર્થિની સુરભી કુમારીને સસ્પેન્ડ કરી છે. મેનેજમેન્ટે નીટ-યુજી પરિક્ષા દરમિયાન સુરભિ કુમારીની તમામ પ્રવૃત્તિની તપાસ કરવા પાંચ સભ્યોની સમિતી રચી છે. ગઈકાલે સીબીઆઇએ તેની ધરપકડ કરીને વધુ તપાસ માટે ત્રણ દિવસનાં રિમાન્ડ માટે મોકલી આપી હતી. સુરભિ કુમારીએ સ્વીકાર્યું હતું કે, તેણે નીટ યુજી પરિક્ષાનાં પ્રશ્નપત્રો ઉકેલ્યા હતા.

## IMD- WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાત, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને દક્ષિણ છત્તીસગઢમાં ભારે વરસાદની આગાહી કરી છે. IMDએ જણાવ્યું કે, ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ગુજરાતમાં અતિ ભારે વરસાદ આગામી 4 થી 5 દિવસ દરમિયાન વરસતો રહેવાની સંભાવના છે. માછીમારોને આજે ઉત્તર-પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી, ઉત્તર આંધ્રપ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

હવામાન વિભાગે પશ્ચિમ ઉત્તરપ્રદેશ, હરિયાણા, પશ્ચિમ રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.